# ભરૂચમાં રસ્તો ક્રોસ કરતા દિવ્યાંગ ટ્રાઈસિકલ ચાલકનું અકસ્માત મોત

**હેન્ડીકેપ** ટ્રાઈસિકલ ચાલકને ટ્રકે ટક્કર માર્યા બાદ કારચાલકે ઊભેલા લોકોને અડફેટે લીધા

ભરૂચઃ ભરૂચના મઢુલી સર્કલથી શ્રવણ ચોકડી તરફ જતા રોડ પર HP પેટ્રોલપંપ સામે શુક્વારે રાત્રે અકસ્માત સર્જાયો હતો. રોડ ક્રોસ કરવા જઈ રહેલા 55 વર્ષીય હેન્ડીકેપ ટ્રાઈસિકલ ચાલકને એક ટ્રકચાલકે ટક્કર મારતાં ગંભીર ઈજા થઈ હતી. અકસ્માતના સ્થળે લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું. દરમિયાન એક અજાણ્યો કારચાલક ઝડપથી આવી ઊભેલા લોકોને ટક્કર મારી ભાગી ગયો હતો. ઈજાગ્રસ્તને 108 એમ્બ્યુલન્સથી બરોડા SSG હોસ્પિટલ લઈ જતા રસ્તામાં તેનું મોત નીપજ્યું હતું.

ભરૂચ જંબુસર બાયપાસ રોડ પર રહેતો 28 વર્ષીય સુહેલ જાવેદ અન્સારી બરોડા ખાતે લેમન ટ્રી હોટેલમાં રિસેપ્શનિસ્ટ તરીકે અને પાર્ટ ટાઈમ ઝોમેટોમાં ડિલિવરી બોય તરીકે નોકરી કરે છે. તા. 9 ઓક્ટોબરે બરોડા રજા હોવાથી તે ઝોમેટોની નોકરી પર હતો. ઝોમેટો પર ઓર્ડર મળતા તે ABC ચોકડી પાસે આવેલ સાંઈ સમર્થ હોટેલ ખાતે પાર્સલ લેવા ગયો હતો. બાદ રાત્રિના આશરે 21:30 કલાકે શ્રવણ ચોકડી પાસે આવેલા HP પેટ્રોલપંપ પાસે પહોંચ્યો હતો. એ સમયે એક હેન્ડીકેપ ટ્રાઈસિકલ ચાલક પેટ્રોલપંપ સામેની સડક પર ઊભો હતો અને રોડ ક્રોસ કરવા જતા એક અજાણી ટ્રકનો ચાલક તેને ટક્કર મારી ભાગી છૂટ્યો હતો. આ અકસ્માતને પગલે માર્ગ પર અવરજવર બંધ થઈ ગઈ હતી અને લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું. દરમિયાન એક અજાણ્યો કારચાલક ઝડપથી આવી ઊભેલા લોકોને ટક્કર મારી ભાગી ગયો હતો. ઈજાગ્રસ્ત હેન્ડીકેપ શખ્સને 108 એમ્બ્યુલન્સથી ભરૂચ સિવિલ લઈને બરોડા SSG હોસ્પિટલ ખાતે લઈ જતાં રસ્તામાં તેનું મોત થયું હતું. આ બાબતે ભરૂચ એ ડિવિઝને અજાણ્યા ટ્રક ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

# અંકલેશ્વરના નોબલ સ્ક્રેપ માર્કેટના ખુલ્લા ગોડાઉનમાં ભીષણ આગ

**હેઝાર્ડસ** પ્લાસ્ટિક વેસ્ટ સહિતના ભંગારમાં આગ લાગતાં કાળા ધુમાડાના ગોટેગોટા ઊઠ્યા

**રિગલ** એપાર્ટમેન્ટના ૧૩થી ૧૪ પરિવારને સલામતીના ભાગરૂપે ખસેડાયા



પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વરઃ અંકલેશ્વર નજીક હાઈવે પર આવેલા નોબલ સ્ક્રેપ માર્કેટના એક ખુલ્લા ગોડાઉનમાં હેઝાર્ડસ પ્લાસ્ટિક વેસ્ટના ઢગલામાં ભીષણ આગ ફાટી નીકળતાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ગોડાઉનમાં કેમિકલનાં ખાલી ડ્રમ, પ્લાસ્ટિકની બેગ, ટાયર સહિતનો ભંગાર સંગ્રહિત હોવાથી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગના પગલે આકાશમાં કાળા ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા.

આગના ધુમાડાની અસર નજીકમાં આવેલા રીગલ એપાર્ટમેન્ટ સુધી પહોંચતાં સાવચેતીના પગલારૂપે એપાર્ટમેન્ટ ખાલી કરાવવામાં આવ્યું હતું.

અહીં અંદાજે ૧૩થી ૧૪ પરિવારો વસવાટ કરતા હોવાનું જાણવા મળ્યું છે. આગની ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં ચિંતાનો માહોલ ફેલાયો હતો.

ઘટનાની જાણ થતાં અંકલેશ્વર ડીપીએમસી ફાયર વિભાગ અને પાનોલી નોટિફાઈડ ફાયર વિભાગની ટીમો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી. બંને વિભાગનાં આશરે ચાર ફાયર ટેન્ડર દ્વારા આગ પર કાબૂ મેળવવા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. બીજી તરફ મામલતદાર પોલીસ સહિતના અધિકારીઓ પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. આગની આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ કે ઈજા થઈ ન હોવાનું જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે આ જ સ્થળે અગાઉ પણ એકસાથે અનેક ગોડાઉનમાં ભીષણ આગ ફાટી નીકળવાની ઘટના બની ચૂકી છે. વારંવાર આગની ઘટનાઓ સામે આવતાં ગોડાઉનોમાં સંગ્રહિત જ્વલનશીલ ભંગાર અને સલામતી વ્યવસ્થાને લઈને ફરી સવાલો ઊભા થયા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઉકાઈના સિલેટવેલ ખાતે તાલુકા કક્ષાનો કલા મહાકુંભ યોજાયો



વ્યારાઃ તાપી જલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ઉકાઈના સિલેટવેલ ખાતે ઉત્તર બુનિયાદી શાળામાં તાલુકા કક્ષાના ‘કલા મહાકુંભ ૨૦૨૬-૨૭નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કલા મહાકુંભમાં શાળાની વિદ્યાર્થિનીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતા નિબંધલેખન, ચિત્રકલા, લોકનૃત્ય, એક પાત્રીય અભિનય, રાસ, અર્વાચીન ગરબા, લોકગીત અને ભજનમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ ઉપરાંત વક્તૃત્વ, પ્રાચીન ગરબા, સુગમ સંગીત, લગ્ન ગીત અને સમૂહ ગીતમાં દ્વિતીય તેમજ તબલા સ્પર્ધામાં તૃતીય ક્રમ મેળવ્યો હતો. આ ભવ્ય સફળતા બદલ વિજેતા થયેલા તમામ વિદ્યાર્થીઓને શાળા આચાર્ય સહિત શાળા પરિવાર તરફથી હાર્દિક વિદ્યાર્થીનીઓએ અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.

### શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કૂલની સિદ્ધિ




દીપલ સોની

રાજપીપળાઃ નર્મદા જિલ્લાની શાળાકીય અંડર-17 ભાઈઓની હેન્ડબોલ ટીમે રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. તા.૬થી ૮ ઓક્ટોબર દરમિયાન નવસારીના બીલીમોરા ખાતે યોજાયેલી રાજ્ય કક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં નર્મદા જિલ્લાની ટીમે શાનદાર પ્રદર્શન કરીને આ સિદ્ધિ હાંસલ કરી હતી. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગરની ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ સાથે સંલગ્ન ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ સંચાલિત શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કૂલ, વડિયાના વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ રમતકૌશલ્ય દર્શાવી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

### અંકલેશ્વરમાં સગીરે ઝાડ ઉપર ફાંસો ખાધો

અંકલેશ્વરઃ અંકલેશ્વરના હસ્તી તળાવ પાસે આવેલા કબ્રસ્તાન નજીક મોડી રાત્રે એક ૧૬ વર્ષીય સગીરે ઝાડ સાથે દોરડું બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ થતાં જ ૧૧૨ની ટીમ અને શહેર ‘એ’ ડિવિઝન પોલીસે સ્થળ પર પહોંચી મૃતદેહને પીએમ અર્થે ખસેડ્યો હતો. તપાસ દરમિયાન મૃતકના ખિસ્સામાંથી મળેલા દસ્તાવેજોના આધારે તેની ઓળખ ઉત્તર પ્રદેશના વતની અને હાલ અંકલેશ્વરમાં રહેતા શિવા ભ્રમાનંદ કુશવાહ તરીકે થઈ હતી. સગીરે અડધી રાત્રે ઘર છોડી આ પગલું કેમ ભર્યું તે અંગે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી પરિજનોનાં નિવેદન લેવાની કાર્યવાહી હાથ ધરી છે.

### ઝઘડિયામાં યુવક સગીરાને ભગાડી ગયો

ઝઘડિયા, ભરૂચઃ ઝઘડિયાના એક ગામમાંથી ૧૭ વર્ષીય સગીરાને લગ્નના ઈરાદે ભગાડી જવાની ઘટના સામે આવી છે. મધરાત્રે સગીરા ઘરેથી ગાયબ જણાતાં પરિવારે શોધખોળ હાથ ધરી હતી. અગાઉ પણ સગીરાને ભગાડી ગયેલા કથિત પ્રેમી મિનેશ વસાવા ગુમ જણાતાં, પરિવારે તેના પર શંકા દર્શાવી ઝઘડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### જોળવામાં ૨૩ વર્ષીય યુવકનો આપઘાત

પલસાણાઃ મૂળ મહારાષ્ટ્રના જલગાંવના અંમ્રોલીના વતની અને હાલ જોળવાની આરાધના ગ્રીનલેન્ડ સોસાયટીના મકાન નં.૧૦૫માં ભાડે રહેતા તેજસ રાજેન્દ્રભાઈ પાટીલ (ઉં.વ.૨૩) ગેરેજ કામ કરી ગુજરાન ચલાવતો હતો. ગત ૯ ઓક્ટોબરે સાંજે ૬ વાગ્યા પહેલાં તેજસે પોતાના ઘરે અગમ્ય કારણોસર રૂમના પંખાની હૂક સાથે સાડી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. આ બનાવ અંગે મૃતકના પિતા રાજેન્દ્રભાઈ ગણસિંહ પાટીલદ્વારા પલસાણા પોલીસ મથકે જાણ કરવામાં આવી હતી. યુવકના આ પગલાં પાછળનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી.

### આંગલધરાના આધેડે ઝેર પી જીવન ટુંકાવ્યું

અનાવલઃ અનાવલના આંગલધરા ગામના ભગત ફળિયામાં રહેતા ૪૬ વર્ષીય વિજયભાઈ કનુભાઈ પટેલે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. મળતી વિગતો મુજબ ૯ ઓક્ટોબરના સાંજે આશરે ૫ વાગ્યે તેમણે ગામના રોડ પર ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઘટના બાદ તેમને ૧૦૮ મારફતે અનાવલ સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે નવસારી સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતકના પિતાની જાણના આધારે અનાવલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### વાલોડનો વોન્ટેડ આરોપી ઝડપાયો



વાલોડઃ સુરત રેન્જ પોલીસ વડાની સૂચનાથી હાથ ધરાયેલ વોરંટ બજવણી ઝુંબેશ હેઠળ વાલોડ પોલીસે ‘ધ નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ’ની કલમ-138 હેઠળ છ માસની કેદની સજા પામેલા ફરાર આરોપી અનિલકુમાર નવીનભાઈ ચૌધરી (રહે., બારડોલી)ને ઝડપી લીધો છે. પીઆઈ એ.આર.જાદવની ટીમે બાતમીના આધારે બારડોલીથી તેને પકડી વ્યારા સબજેલ ખાતે મોકલવાની તજવીજ હાથ ધરી છે.

### સોલાર પ્લાન્ટમાંથી કેબલ ચોરાયા

વ્યારાઃ વ્યારાના ઉંચામાળા ગામે સુરત રહેતા વેપારી કમલેશભાઈ વલ્લભભાઈ ઠુમ્મર (ઉં.વ.55)ની સરવે નં.321 વાળી પોતાની માલિકીની 13.50 વીઘાં જમીનમાં લગાવેલા સોલાર પ્લાન્ટમાંથી તા.6-10-2026થી તા.7-10-2026 દરમિયાન કુલ 15 ટેબલમાંથી અંદાજિત 1500 ફૂટ અને 557 મીટર કોપર હેવી કેબલ અંદાજિત કિં.રૂ.26000ની ચોરી થઈ જતાં વેપારીએ કાકરાપાર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કુકરમુંડામાં હાટ બજારની જગ્યા પરનાં દબાણો દૂર કરવાની માંગ

કુકરમુંડાઃ કુકરમુંડા ગામે હાટબજાર માટે અનામત રાખવામાં આવેલી સરકારી જમીન પર થયેલાં દબાણો દૂર કરી ફરીથી હાટ બજાર શરૂ કરવાની માંગ સાથે આદિવાસી યુવા સંગઠન દ્વારા કુકરમુંડા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું છે. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ કુકરમુંડા ગામે સરકાર દ્વારા હાટબજાર મંજૂર કરવામાં આવ્યું હતું, પરંતુ ગ્રામ પંચાયત તરફથી હાટ બજાર રદ કરવા રજૂઆત કરવામાં આવી હોવાનું જણાવાયું છે. સંગઠને આ રજૂઆત રદ કરી હાટબજાર ફરીથી મંજૂર કરવા અને તેના માટેની અનામત જગ્યા પર થયેલા દબાણો દૂર કરવાની માંગ કરી છે. જો કાર્યવાહી કરવામાં નહીં આવે રસ્તા રોકો આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી પણ આપવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### તરસાડીની સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં વાલીની મિટિંગ યોજાઈ



ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ તરસાડી સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં પ્રથમ વખત વાલી મીટિંગનું આયોજન કરાયું હતું, જેમાં ૭૩ પેરેન્ટ્સ હાજર રહ્યા હતા. આચાર્ય ડો.કેતન નિઝામા, ડો.સ્તુતિ દેસાઈ અને ડો.નિલેશ બારોટે વાલીઓને હાજરી, પરીક્ષા અને કોલેજનું મહત્ત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે છેલ્લા વર્ષના ટોપર વિદ્યાર્થીઓનું તેમના વાલીઓ દ્વારા પુસ્તક આપી સન્માન કરાયું હતું. અંતે આભારવિધિ પ્રો.ભૂમિકા ચૌધરીએ કરી હતી અને કાર્યક્રમનું સંચાલન પ્રો.બિંદુ બારડે કર્યું હતું.

### ચિચોદામાં ખેતરમાંથી અજગરનું રેસ્ક્યુ



કુકરમુંડાઃ કુકરમુંડા-નિઝરના ચિચોદામાં અંબાલાલભાઈ પટેલના કપાસના ખેતરમાં કામ કરતા મજૂરોને આશરે ૧૦ ફૂટ લાંબો અને ૧૫ કિલો વજન ધરાવતો વિશાળકાય અજગર મળી આવ્યો હતો. ભયભીત થયેલા મજૂરોએ તાત્કાલિક સ્નેક રેસ્ક્યુઅર દિલીપ પાડવીને જાણ કરી હતી. દિલીપ પાડવીએ ઘટના સ્થળે પહોંચી જરૂરી સાવચેતી સાથે અજગરનું સલામત રેસ્ક્યુ કર્યું હતું. ત્યારબાદ ટાવલી રેન્જના વન વિભાગને જાણ કરવામાં આવતાં વન વિભાગે અજગરનો કબજો મેળવવાની કાર્યવાહી હાથ ધરી છે.

### આમોદ નગરમાં જાહેરમાં રખડતાં પશુઓને પાંજરે પુરાયાં




ભરૂચ, આમોદઃ આમોદમાં રખડતાં પશુઓના ત્રાસને નિયંત્રણમાં લેવા નગરપાલિકા દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જાહેર માર્ગો અને બજારમાં રખડતાં પશુઓને કારણે વાહનચાલકો તથા રાહદારીઓને પડતી મુશ્કેલીઓના પગલે નગરપાલિકાની ટીમે પોલીસ બંદોબસ્ત વચ્ચે પશુઓ પકડવાની કામગીરી હાથ ધરી હતી. જેથી પશુમાલિકોમાં ફફડાટ ફેલાયો હતો. કામધેનુ ગૌરક્ષા સમિતિ ભરૂચની ટીમ દ્વારા પાંચથી વધુ રખડતાં પશુઓને પકડી પાંજરે પૂરવામાં આવ્યાં હતાં. બાદ આ પશુઓને ભરૂચ પાંજરાપોળ ખાતે મોકલવામાં આવ્યાં હતાં. નગરપાલિકા દ્વારા અગાઉ રિક્ષા મારફતે જાહેરાત કરીને પશુમાલિકોને પોતાનાં પશુઓને જાહેર માર્ગો પર રખડતાં ન મૂકવા ચેતવણી આપવામાં આવી હતી. જોકે, આ ચેતવણી છતાં સમસ્યા યથાવત રહેતાં તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસ બંદોબસ્ત વચ્ચે હાથ ધરાયેલી આ કાર્યવાહીને પગલે પશુઓને જાહેર રસ્તાઓ પર રખડતાં મૂકતા પશુ માલિકોમાં પણ ભય જોવા મળ્યો હતો.

### ઝઘડિયામાં સાયબર જાગૃતિ કાર્યક્રમ



વિનોદ વસાવા

ઝઘડિયાઃ ઝઘડિયા પોલીસ ખાતે સાયબર જાગૃતિનો કાર્યક્રમ વિશાળ સંખ્યામાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં ભરૂચ જિલ્લા પંચાયતના પ્રમુખ ડિમ્પલબેન રાજ, જિલ્લા પંચાયત સભ્ય ધર્મેન્દ્રસિંહ પરમાર, તાલુકા ભાજપના મહામંત્રી વિનોદ વસવા, બક્ષીપંચ મોરચાના મહેશભાઈ પાટણવાડીયા, તાલુકા પંચાયતના સદસ્ય પાર્થ વસાવા, વિનોદ વસાવા, ચંદુભાઈ વસાવા, વેપારી સેલના સંજયસિંહ ચૌહાણ, નરેન્દ્રસિંહ પરમાર, શૈલેશ પટેલ, કિરીટ રોહિત, સુનિલ વસાવા, ઉસ્માન શેખ, નવીન વસાવા, કમલેશ ચૌહાણ, ઝઘડિયા પોલીસ સ્ટેશનના પી.આઈ. રાજપૂત સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## બેંક ડ્રોપ બોક્સમાંથી ચેક ચોરી રોકડ ઉપાડનાર ઝડપાયો



ભરૂચઃ ભરૂચમાં બેંકના ડ્રોપબોક્સમાંથી ચેક મેળવી તેમાં ફેરફાર કરીને ખાતેદારનું નામ ધારણ કરી રોકડ રકમ ઉપાડવાના કેસમાં ભરૂચ શહેર ‘એ’ ડિવિઝન પોલીસે ઉત્તર પ્રદેશના એક શખ્સને ઝડપી પાડ્યો છે. પોલીસે જણાવ્યું કે, 30 સપ્ટેમ્બરે બેંક ઓફ બરોડાની સ્ટેશન રોડ શાખામાંથી ફરિયાદીના નામનો ચેક મેળવી તેમાં ફેરફાર કરાયો હતો. પછી બ્લુચિપ શાખામાંથી રોકડ રકમ ઉપાડવામાં આવી હતી. ફરિયાદ નોંધાયા બાદ પોલીસે સીસીટીવી ફૂટેજ અને ટેક્નિકલ સર્વેલન્સથી તપાસ શરૂ કરી હતી. દરમિયાન ભરૂચ રેલવે સ્ટેશન નજીક ભૃગુઋષિ બ્રિજ તરફ મહેન્દ્રપાલ સુખલાલ જાટવ (રહે.,પીલીભીત, યુપી)ને ઝડપી લેવાયો હતો.

# બારડોલી નાગરિક બેન્કનું વધુ 2 રાષ્ટ્રીય એવોર્ડથી સન્માન

**રાષ્ટ્રીય** સમિટમાં ‘સ્કોબા પ્રાઈડ એવોર્ડ’ અને સાયબર સિક્યુરિટી રેગ્યુલેટરી કોમ્પ્લીએન્સ એવોર્ડ એનાયત




બારડોલીઃ વિશ્વાસ અને પારદર્શિય વહીવટ સાથે સહકારી બેન્કિંગ ક્ષેત્રમાં વધુ સિદ્ધિ પ્રાપ્ત કરતી બારડોલી નાગરિક સહકારી બેંક રાષ્ટ્રીય કક્ષાના વધુ બે એવોર્ડથી સન્માનિત કરાઈ હતી.

20 હજારથી વધુ સભાસદો ધરાવતી બારડોલી નાગરિક બેંક બારડોલી મઢી, વ્યારા અને નવસારી મળી કુલ 6 શાખા દ્વારા સામાજિક અને આર્થિક વિકાસ માટે કાર્યરત થઈ પ્રગતિ કરતા તાજેતરમાં બેંકને રાષ્ટ્રીય કક્ષાના વધુ બે એવોર્ડ પ્રાપ્ત થતાં ગૌરવ સાથે અભિનંદન અપાયાં હતાં. કુલ 1433 અર્બન કો.ઓપરેટિવ બેંકો પૈકી બારડોલી નાગરિક બેંકનું ગત 4 વર્ષ દરમિયાન શેરભંડોળ રૂ.1490 લાખ રહેવા સાથે કપરા બજારુ સંજોગ છતાં બેંકની ડિપોઝિટમાં ભારે ઉછાળ સાથે રૂ.43400 લાખ અને ધિરાણ 28000 લાખ રહેતાં બેંકનું NPA 0% રહ્યું હતું. તાજેતરમાં હિમાચલ પ્રદેશના મનાલી ખાતે યોજાયેલી રાષ્ટ્રીય સમિટમાં બારડોલી નાગરિક બેંકને સ્કોબા પ્રાઈડ એવોર્ડથી સન્માનિત કરતા બેંકના ચેરમેન ડો.જયેશ સોલંકી તથા વા. ચેરમેન ધનસુખ પટેલ તથા એમ.ડી. ડો.પુષ્પકાંત પાંડેને વિવિધ કો-ઓપ બેંકોના વિશાળ સમૂહ વચ્ચે સ્કોબા પ્રાઈડ એવોર્ડ અને બેંકના ઈલેક્ટ્રોનિક ડેટા પ્રોસેસિંગ વિભાગના ડે. જન. મેનેજર હરીશ છનીયારાને સાયબર સિક્યુરિટી રેગ્યુલેટરી કૉમ્પ્લીએન્સ એવોર્ડ એનાયત કરાયા હતા.

# અંકલેશ્વરમાં વલસાડ-વડનગર એક્સપ્રેસને સ્ટોપેજ અપાયું

**મહેસાણાના** સાંસદ હરિભાઈ પટેલની રજૂઆત રંગ લાવી, ઉત્તર ગુજરાતના મુસાફરોને મોટી રાહત

અંકલેશ્વરઃ ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાત વચ્ચે રેલવે કનેક્ટિવિટી વધુ મજબૂત બને તે દિશામાં મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. વલસાડ-વડનગર એક્સપ્રેસ ટ્રેનને અંકલેશ્વર રેલવે સ્ટેશન ખાતે પ્રાયોગિક ધોરણે સ્ટોપેજ આપવામાં આવ્યુ છે. શનિવારે ટ્રેન અંકલેશ્વર રેલવે સ્ટેશન પર આવી પહોંચતાં સ્થાનિક આગેવાનોએ તેનું સ્વાગત કર્યું હતુ.

અંકલેશ્વર ખાતે ટ્રેનને સ્ટોપેજ આપવાની માંગણીને લઈને મહેસાણા, વડનગર સહિત ઉત્તર ગુજરાતના મુસાફરોને લાંબા સમયથી પડતી મુશ્કેલીઓ દૂર કરવાની દિશામાં સાંસદ હરિભાઈ પટેલની રજૂઆત રંગ લાવી છે. રેલવે બોર્ડ દ્વારા સર્ક્યુલરના માધ્યમથી આ અંગે સત્તાવાર નિર્ણય લેવામાં આવ્યો છે.

આ નિર્ણય બદલ સાંસદ હરિભાઈ પટેલે કેન્દ્રીય રેલવે મંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. અત્યાર સુધી ઉત્તર ગુજરાતથી અંકલેશ્વર આવતા મુસાફરોએ ભરૂચ રેલવે સ્ટેશન પર ઊતરીને ત્યાંથી અંકલેશ્વર આવવું પડતું હતું. ખાસ કરીને મોડી રાત્રે મુસાફરી કરતા લોકોને વાહન વ્યવસ્થા અને વધારાના ખર્ચને કારણે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. હવે અંકલેશ્વર ખાતે સ્ટોપેજ મળવાથી આ સમસ્યામાંથી રાહત મળશે. આ સુવિધાથી મહેસાણા-વડનગર સહિત ઉત્તર ગુજરાતથી અંકલેશ્વર આવતા નોકરીયાતો, વેપારીઓ અને અન્ય મુસાફરોને સીધી રેલવે કનેક્ટિવિટીનો લાભ મળશે.

## કીમમાં ટ્રેન અડફેટે યુવાનનું મોત

કીમઃ કીમ રેલવે સ્ટેશન નજીક ટ્રેક ક્રોસ કરતી વખતે ટ્રેનની અડફેટે આવી જતાં 29 વર્ષીય યુવાનનું મોત નીપજ્યું હતું. મૂળ ઉત્તર પ્રદેશ અને હાલ કુડસદ ગામની સમૂહ વસાહતમાં રહેતો અભિષેક શ્યામબાબુ સિંહ (ઉં.વ.29) ગત 8 ઓક્ટોબરના રોજ સાંજે કીમ સ્ટેશન નજીક DFCC લાઈન પર ટ્રેક ઓળંગી રહ્યો હતો. એ સમયે ટ્રેન અડફેટે ચડી જતાં તેને માથા અને શરીરે ગંભીર ઈજા થઈ હતી. આથી સારવાર અર્થે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. કીમ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# બારડોલીમાં વીજ ધાંધિયાથી હેરાનગતિ

**સ્માર્ટ** મીટર સાથે ‘સ્માર્ટ વીજળી’ આપવા માંગ

**સરભોણ** સબ સ્ટેશન હેઠળનાં ગામોની હાલત કફોડી

બારડોલીઃ બારડોલી શહેર તેમજ સમગ્ર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી વીજ કંપનીની કથળેલી કામગીરીના કારણે સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. એક તરફ આકરા તાપ અને અસહ્ય ઉકળાટથી લોકો બેહાલ બન્યા છે, ત્યારે બીજી તરફ દિવસ-રાત વારંવાર વીજળી ગુલ થઈ જવાની સમસ્યાએ લોકોની મુશ્કેલીઓમાં વધારો કર્યો છે.

શહેરના મુખ્ય વિસ્તારો સહિત ગ્રામ્ય પંથકોમાં કોઈપણ પૂર્વ સૂચના વગર વારંવાર વીજ પુરવઠો ખોરવાઈ જતાં લોકો ઘરોમાં પંખા અને કૂલર વિના ગરમીમાં શેકાવા મજબૂર બન્યા છે. ખાસ કરીને સરભોણ સબ સ્ટેશન હેઠળ આવતાં ગામડાંની પરિસ્થિતિ અત્યંત ગંભીર અને કફોડી બની ગઈ છે. લાંબા વીજ કાપના કારણે ઘરેલું વપરાશ ઉપરાંત પશુપાલન અને ખેતી સંબંધિત કામકાજ પર પણ માઠી અસર પડી રહી છે.

બીજી તરફ વીજળીની અનિયમિતતાની સીધી અસર વેપાર-ધંધા અને ઓફિસ કામકાજ પર પણ જોવા મળી રહી છે. બારડોલી શહેરના બજારો, કોમર્શિયલ કોમ્પ્લેક્સ, બેંકો અને સરકારી તેમજ ખાનગી ઓફિસોમાં વીજળીના અભાવે કમ્પ્યુટર સિસ્ટમ અને અન્ય મહત્વના કામો અટવાઈ રહ્યા છે. જેના કારણે ગ્રાહકોને કલાકો સુધી રાહ જોવી પડે છે અને વેપારીઓને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. વીજ ધાંધિયાથી કંટાળીને એક જાગૃત નાગરિકે બારડોલી વીજ કંપનીની કચેરીએ પહોંચીને વિડીયો બનાવી રોષ ઠાલવ્યો હતો. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે વીજ કંપની જે રીતે ઉત્સાહપૂર્વક ઘરોમાં સ્માર્ટ મીટર લગાવી રહી છે, તેવી જ રીતે ગ્રાહકોને અવિરત ‘સ્માર્ટ વીજળી’ પણ આપે તે અત્યંત જરૂરી છે.